# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-11-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## CM-ફેલોશિપ કાર્યશાળા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી વ્યવસ્થાઓમાં પરિવર્તનકારી ફેરફારથી સામાન્ય વ્યક્તિની સુવિધા, સુખાકારીના કામ અને વ્યવસાય કરવામાં સરળતાને વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરી છે. ગાંધીનગરમાં સીએમ ફેલોશિપ યુવાઓની એક દિવસની કાર્યશાળાનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ વાત કહી.

શ્રી પટેલે સીએમ ફેલોશિપ પ્રોગ્રામને સુશાસન માટે મહત્વનો ગણાવતા યુવાશક્તિના જ્ઞાન, કૌશલ્ય અને વરિષ્ઠ સચિવોના અનુભવના સમન્વયથી આ નેમ સાકાર કરવા પર ભાર આપ્યો.

-----------------------------------------------------------------------------------------------

## CM-એકતા દોડ:

સરદાર વલ્લભભાઈ પટેલની દોઢ સો-મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે લોકો સુધી “એકતા મંત્ર” પહોંચાડવા વિધાનસભાદીઠ યુનિટી માર્ચ એટલે કે, એકતા દોડ યોજાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં “સરદાર એટ 150 યુનિટી માર્ચ” પદયાત્રાનું આંબલી વિસ્તારથી પ્રસ્થાન કરાવ્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો.

-----------------------------------------------------------------------------------------------

## મતદારયાદી સુધારણા:

રાજ્યભરમાં હાલ મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટે જિલ્લાવાર શિબિર યોજવા જિલ્લા ચૂંટણી અધિકારીઓને અનુરોધ કર્યો છે.

સત્તાવાર યાદી મુજબ, આ તમામ વર્ગને એન્યુમરેશન ફોર્મ એટલે કે, ગણતરી પત્રક ભરવામાં મુશ્કેલી ન પડે તે માટે તેમણે આ અભિગમ અપનાવવા પર ભાર આપ્યો. શ્રી શુક્લાએ જિલ્લા ચૂંટણી અધિકારીઓને સ્થાનિક કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સાથે સંકલન સાધવા જણાવ્યું છે.

-----------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં મગફળી ખરીદી:

રાજ્યભરમાં હાલ સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. સરકારે અત્યાર સુધી રાજ્યના 253 ખરીદ કેન્દ્ર પરથી 45 હજાર 790થી વધુ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરી છે. સરકારે 769 કરોડ રૂપિયાથી વધુની કિંમતની એક લાખ પાંચ હજાર મૅટ્રિક ટનથી વધુની મગફળી ખરીદી કરી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં એકતા યાત્રા:

સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે કચ્છ જિલ્લામાં અબડાસા વિધાનસભા મતવિસ્તારની એકતા પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રાનું વિથોણ સરદાર બાગથી કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાંસદશ્રીએ  શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે સૌએ એક બનીને આગળ વધવું પડશે.

વિથોણ સ્મૃતિવન ખાતે વૃક્ષારોપણ, રામેશ્વર તળાવ પાસે સફાઇ અભિયાન બાદ અધિકારીઓએ શ્રી સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર તેમજ સુતરની આંટી પહેરાવી લીલીઝંડી બતાવી યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યું હતું. સમાપન વેળાએ સર્વે ઉપસ્થિતોએ સ્વદેશીના શપથ ગ્રહણ કર્યા હતા. ભુજ વિધાનસભા વિસ્તારની યાત્રા આજરોજ સવારે ૯.૦૦ કલાકેથી એમ.એસ.વી હાઈસ્કૂલ માધાપરથી જ્યૂબિલી સર્કલ સુધી યોજાશે.

-----------------------------------------------------------------------------------------

## કંડલા પોર્ટની સિધ્ધિ:

દીનદયાલ પોર્ટ ઓથોરિટી કંડલા દ્વારા  દેશભરમાં સર્વાધિક કાર્ગો હેન્ડલિંગની સફળતા મેળવવા માટે વિવિધ અસરકારક પગલાં લેવાયાં છે, ત્યારે  તાજેતરમાં 24 કલાકમાં 40 જહાજ હેન્ડલ કરીને વધુ એક કિર્તીમાન સ્થાપિત કર્યો છે. આ સિદ્ધિને  બિરદાવતા કેન્દ્રીય શિપિંગમંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, ભારતના બંદર  ટર્નઆઉટ સમયમાં સતત ઘટાડો કરવા અને વિશ્વ સ્તરીય દરિયાઈ કાર્યક્ષમતા પ્રદાન કરવા ઉપર સતત ધ્યાન કેન્દ્રિત કરાતાં તેના થકી આ પરિણામ આવ્યું હોવાનું જણાવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## DRI-મુન્દ્રા પોર્ટ:

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજેન્સ – DRIએ કચ્છના મુન્દ્રા બંદર પરથી 30 હજાર ફટાકડા જપ્ત કર્યા છે. DRIએ જણાવ્યું, ચીનથી ગેરકાયદે આયાત કરાયેલા આ ફટાકડાની કિંમત પાંચ કરોડ રૂપિયા જેટલી હોવાનું જણાયું છે. આ સાથે જ ફટાકડા મગાવનારા મુખ્ય વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી છે. આ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

-----------------------------------------------------------------------------------------

## સર્વત્ર શીતલહેર:

રાજ્યમાં સળંગ બીજા દિવસે 10.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે  ઠંડા સ્થળ બની રહેલા નલિયા અને તેની આસપાસના પંથકનું ગ્રામીણ જનજીવન તીવ્ર ઠારમાં થરથર્યું હતું.

સૂરજબારીથી સરહદ સુધી ગઈકાલે સર્વત્ર શીતલહેર ફરી વળી હતી.જિલ્લા મથક ભુજથી માંડીને માંડવી, મુંદરા, રાપર, ખાવડા સહિતના વિસ્તારોમાં પણ નીચા પારે 20 ડિગ્રીથી નીચે ઠંડક અનુભવાઇ હતી.

---